©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXVII ] THURSDAY, 22nd OCTOBER, 2026/ASHVINA 30, 1948 [ Issue No. 43**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I



| | Pages |
|---|---|
| **PART - I**<br>Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.,<br>Miscellaneous Notifications Appointments etc., | 719-726 |
| **PART - I - A**<br>Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil |
| **PART - I - B**<br>(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - II**<br>Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 11755-12300 |
| **PART - III**<br>Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
## NOTIFICATION
### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

---

**અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા**

**ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ ની કલમ-૩૩(૧)બી હેઠળનું**

**જાહેરનામુ**

નં. એમએજી/સી/જાહેરનામુ/ફાયરીંગ/૩૮૬૫૧૯/૨૦૨૬.- પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જૂનાગઢના પત્ર ક્રમાંક : સીબી-૩એ/ફાયરીંગ/૪૦૧૫/૨૦૨૬, તા. ૨૪-૦૯-૨૦૨૬ થી થઈ આવેલ દરખાસ્ત વિગતે, તેઓની સંસ્થા ખાતે આવેલ બફેલ રેન્જ (ફાયરીંગ બટ) પર ફાયરીંગ પ્રેકટીસ યોજાનાર હોઈ, આ પ્રેકટીસ દરમ્યાન ફાયરીંગના સ્થળની આજુબાજુનાં વિસ્તારમાં લોકોના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવા માટે દરખાસ્ત થઈ આવેલ છે.

રજુ થયેલ દરખાસ્તની વિચારણા કરતા, ઉકત ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન તે વિસ્તારમાં લોકો તથા વાહનોની અવર-જવર ભયજનક જણાતી હોઈ, જાહેર સલામતીનાના હેતુસર, હું બી. એસ. બારડ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જૂનાગઢ ખાતે આવેલ બફેલ રેન્જ (ફાયરીંગ બટ) ના આજુ-બાજુના ૧-કી.મી. વિસ્તારમાં રાહદારીઓ તેમજ વાહનોની પ્રવેશ બંધી ફરમાવું છું.

આ જાહેરનામુ તા. ૧૪-૧૦-૨૦૨૬ થી તા. ૩૧-૧૦-૨૦૨૬(બંને દિવસો સહિત) સુધી સવારના ૦૬-૦૦ સાંજના ૧૯-૦૦ કલાક સુધી (દૈનિક ધોરણે) અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૧૩૧ માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામુ આજ રોજ જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૦૩ માહે ઓકટોબર, સને ૨૦૨૬.

---

**સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનુ**

**જાહેરનામુ**

નં. એમએજી/સી/જાહેરનામુ/૩૭(૩)/ઈ-૩૨૩૪૩/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામુ/સભા-સરઘસ/૪૮૮૯/૨૦૨૬, તા. ૦૨-૧૦-૨૦૨૬ થી થઈ આવેલ દરખાસ્ત વિગતે, તેમાં જણાવેલ કારણોસર તકેદારી રાખવી આવશ્યક હોવાનું જણાવી જૂનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુસર વગર પરવાનગીએ કોઈ સભા-સરઘસ કાઢે નહીં તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સુલેહ શાંતીની જાળવણી સારૂ પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતી હોઈ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ અધિકારની રૂએ હું, બી. એસ. બારડ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૫-૧૦-૨૦૨૬ થી તા. ૧૮-૧૦-૨૦૨૬ (બંન્ને દિવસો સહીત) દરમ્યાન પરવાનગી વિના કોઈ પણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું.

આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ દંડને પાત્ર થશે.

આ જાહેરનામુ આજ રોજ જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૦૩ માહે ઓકટોબર, સને ૨૦૨૬.

---

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે**

**જાહેરનામુ**

નં. એમએજી/સી/જાહેરનામુ/ચાઈનીઝ દોરા/૩૨૩૬૪/૨૦૨૬.- પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામુ/ચાઈનીઝ-દોરા/૪૮૭૩/૨૦૨૬, તા. ૦૧-૧૦-૨૦૨૬ થી થઈ આવેલ દરખાસ્તની વિગતે, નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષની રીટ પીટીશન(PIL) નં. ૨૫૩/૨૦૧૬ તથા રીટ પીટીશન (PIL) નં. ૦૬/૨૦૧૭ કેસમાં નામ. ગુજરાત હાઈકોર્ટના તા. ૨૫-૦૯-૨૦૨૬ના આદેશ અનુસાર પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચાયનીઝ તુક્કલ/લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયલોન થ્રેડ દોરી (જેને હવે પછી ''પ્રતિબંધિત સાધનસામગ્રી'' તરીકે દર્શાવેલ છે)નું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ મુકવામાં આવેલ હોઈ, સરકારશ્રીના ગૃહ વિભાગના પત્ર ક્રમાંક : HD/MIS/e-file/8/2025/0778/SB2 (PF1) Dt. 30-09-2026 તથા પરિપત્ર ક્રમાંક : HD/MIS/e-file/8/2025/0778/SB2 Dt. 17-09-2025 અનુસંધાને તહેવારો દરમિયાન અમલવારી થાય તે માટે આવી ''પ્રતિબંધિત સાધનસામગ્રી'' ના ઉત્પાદન, વેંચાણ તથા સંગ્રહ પર પ્રતિબંધ મૂકવા બાબત દરખાસ્ત થઈ આવેલ છે.

તહેવારો દરમિયાન આર્થિક ફાયદા સારૂં આવી 'પ્રતિબંધિત સાધનસામગ્રી' નો વેંચાણ/વપરાશ થવા પામતો હોઈ, આવી પ્રતિબંધિત સાધન સામગ્રીના કારણે માનવ તથા પશુ-પક્ષીઓને હાનિ થાય અને જીવનું જોખમ વધે અથવા તો મૃત્યુ થાય, જેથી જૂનાગઢ જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા માટે પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વાજબી જણાય છે.

સબબ, હું બી. એસ. બારડ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જૂનાગઢ જિલ્લો, જૂનાગઢ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર જૂનાગઢ જિલ્લા વિસ્તારમાં પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચાયનીઝ તુક્કલ/લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયલોન થ્રેડ દોરીના ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ મુકવામાં ફરમાવું છું.

પરંતુ પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચોખાના લોટ, મેંદો, છોડ આધારિત ગુંદર અને અન્ય સમાન કુદરતી ઘટકો જેવા કુદરતી એડહેસિવ મદદથી કાચના પાવડરનું કોટિંગ કરેલ ઓછી તિક્ષ્ણ-શક્તિ ધરાવતો કોટનનો માંજો, જે સંપૂર્ણપણે તૂટી શકે તેવો હોય અને પરંપરાગત પ્રક્રિયા દ્વારા બનાવવામાં આવેલ હોય તેમાં તમામ ઘટકો બાયો-ડિગ્રેડેલ પદાર્થો હોવા જોઈએ તથા કોટનના દોરા પર કોટિંગ માટેનો કાચનો પાવડર ૧૦% થી વધુ ન હોવો જોઈએ, જયારે ઉકાળેલા ચોખાનો સ્ટાર્ચ ૩૦%, મેંદો ૩૬%, કુદરતી ગુંદર અને રંગ ૨૪% કોટેડ સામગ્રીનો હોઈ શકે તથા કાચનો પાવડર, જે કોટિંગ પદાર્થનો ૧૦% હોઈ શકે છે, પરંતુ, તે કોટનના માંજાના કુલ વજનના ૦.૫% થી વધુ ન હોવું જોઈએ તેવો કોટનનો માંજો/દોરી વાપરી શકાશે.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર BNS, 2023 ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આ જાહેરનામું તા. ૦૪-૧૦-૨૦૨૬ થી તા. ૩૦-૧૧-૨૦૨૬ (બન્ને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામું આજ રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી બહાર પાડવામાં આવ્યું.

જૂનાગઢ, ૦૩ માહે ઓકટોબર, સને ૨૦૨૬.

**બી. એસ. બારડ**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જુનાગઢ જિલ્લો, જુનાગઢ

---

## પોલીસ કમિશ્નર દ્વારા

## ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ), ૩૩(૧)(ભ), ૧૧૩ અન્વયે કાઢેલ હુકમ

## મકરસંક્રાતિ પુર્વ તૈયારી અંગેનું જાહેરનામું

ક્રમાંક : એસ.બી.૧૪/ચાઈનીઝ તુક્કલ પ્રતિબંધ/૫૬૧૦/૨૦૨૬.- આગામી શરદ પૂર્ણિમા, દિવાળી, દેવ દિવાળી તથા તા. ૧૪-૦૧-૨૦૨૭ ના રોજ રાજકોટ શહેરમાં મકરસંક્રાતિ (ઉતરાયણ) પર્વની ઉજવણી થનાર છે. આ પર્વને અનુલક્ષીને (૧) રાજકોટ શહેર વિસ્તારમાં જાહેર માર્ગો/રસ્તાઓ કે મકાનના ભયજનક ધાબા ઉપર ચડીને લોકો પતંગ ઉડાડતા હોય છે. જેને લઈને વ્યકિતઓની જાનનું જોખમ ઉભુ થવાની સંભાવના રહેલી છે. (૨) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં લાઉડ સ્પીકર વગાડતા હોય છે. (૩) આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડતા હોય છે. (૪) કેટલાક લોકો જાહેર માર્ગ રસ્તા ઉપર પતંગ ઉડાડતા હોય છે. (૫) તેમજ કપાયેલા પતંગો અને દોરાઓ મેળવવા હાથમાં લાંબા ઝંડાઓ, વાસના બંબુઓ, લાંબી વાંસની પટ્ટીઓ, લોખંડના કે કોઈપણ ધાતુના તારના લંગર બનાવી લઈને આમતેમ શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ ઉપર દોડાદોડી કરતાં હોય છે. જેના કારણે ટ્રાફિક અવરોધ ઉભો કરતાં હોય છે. તેમજ રસ્તાઓ ઉપર ગલીઓમાં ટેલીફોન/ઈલેકટ્રીકના તાર ઉપર વાંસડાઓમાં લોખંડ કે કોઈપણ ધાતુના તારના લંગર નાખી ટેલીફોન/ઈલેકટ્રીક તારમાં ભરાયેલા પતંગ કાઢવાના પ્રયત્ન કરે, જેના કારણે જેના કારણે ટેલીફોન/ઈલેકટ્રીકના બે તાર (વાયરો) ભેગા થવાથી શોર્ટસર્કિટના કારણે ગંભીર બનાવો બનતા હોય છે. (૬) ઘણાં લોકો પતંગ ઉડાડવા માટે ચાઈનીઝ દોરાનો ઉપયોગ કરતાં હોય છે. આ ચાઈનીઝ દોરાઓ એકદમ ધારદાર હોવાના કારણે કોઈ વ્યક્તિના શરીરના કોઈ ભાગમાં ઘસાવાથી શરીર ઉપર તીક્ષ્ણ કાપાઓ પડે છે. જેના કારણે શારીરીક ગંભીર ઈજાઓ થવાના અને કયારેક અંગો કપાઈ જવાના બનાવો પણ બનતા હોય છે. તેમજ પક્ષીઓને ઈજાઓ થવાના અને તેના મોતના બનાવો પણ બને છે. (૭) આ પર્વ નિમિત્તે રાજકોટ શહેર વિસ્તારમાં ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુકકલ, ચાઈનીઝ લેન્ટર્ન ખૂબ જ વધારે પ્રમાણમાં આકાશમાં ઉડાડવામાં આવે છે. તુક્કલમાં હલકી કવોલીટીના સળગી જાય તેવા વેકસ પદાર્થોને કારણે પર્યાવરણને પણ નુકશાન થાય છે. તેમજ સળગતી તુક્કલ ગમે ત્યાં પડવાના કારણે જાનમાલ અને સંપતિને નુકશાન થાય છે. જેથી જાહેર જનતાની સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી હેતુસર જાહેર હિતમાં કેટલાક જરૂરી પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

તેમજ ગૃહ વિભાગ સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : HD/MIS/e-file/B/2025/0778/SB તા. ૧૭-૦૯-૨૦૨૫ આધારે મકરસંક્રાંતિ પર્વની ઉજવણી અંગે જાન્યુઆરી ૧૬ તારીખ સુધી જાહેરનામું બહાર પાડવા તેમજ ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્ન તથા ચાઈનીઝ દોરાના પ્રતિબંધ અંગે જનજાગૃતિના કાર્યક્રમો કરવા જણાવેલ હોય.

નામદાર નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલનાઓએ અરજી નં. ૩૮૪/૨૦૧૬ તથા ૪૪૨/૨૦૧૬ ના કામે તા. ૧૪-૧૨-૨૦૧૬ ના રોજ હુકમ કરી સમગ્ર દેશમાં કોઈપણ પ્રકારની સેન્થટીક દોરી કે જે નાયલોન, સેન્થેટીક મટીરીયલ, સેન્થેટીક પદાર્થથથી કોટેડ કરેલ હોય અને નોન-બાયોડીગ્રેડેબલ હોય કે જેના ઉપર કાચ અને લોખંડ કે અન્ય હાનિકારક તત્વોનો લેપ ચડાવી દોરા તૈયાર કરેલ હોય અને તેવા દોરા મેળવવા, સંગ્રહ કરવા, વેચાણ કરવા, ઉપયોગ કરવા, ઉત્પાદન કરવા કે તેનાથી પતંગ ઉડાડવા ઉપર પ્રતિબંધ જાહેર કરેલ છે.

વાસ્તે, હું, બ્રજેશ કુમાર ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ), ૩૩(૧)(ભ), ૧૧૩ મુજબ મને મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં ફરજ બજાવતા અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજજાથી પો.હેડ કોન્સ.નો

હોદ્દો ધરાવનાર અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એક્ટ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છુ અને નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**: પ્રતિબંધિત કૃત્યો :**

(૧) કોઈ પણ વ્યક્તિએ જાનનું જોખમ થાય તે રીતે જાહેર માર્ગ રસ્તા/ ફુટ પાથ તેમજ ભયજનક ધાબા પર પતંગ ઉડાડવા ઉપર.

(૨) પતંગ ચગાવવા (ઉડાડવા) માટે વપરાતી નાયલોન દોરી કે જે નાયલોન, સેન્થટીક મટીરીયલ, કે સેન્થટીક પદાર્થથી કોટેડ કરેલ હોય અને નોન-બાયોગ્રેડીબલ હોય તે ચાઈનીઝ દોરી મેળવવા, સંગ્રહ કરવા, વેચાણ કરવા, અને તેનાથી પતંગ ચગાવવાના ઉપયોગ કરવા પર તેમજ પતંગ ઉડાડવાથી કપાયેલ પતંગ/દોરી પકડવા પર.

(૩) કોઈ પણ પ્રકારના સેન્થટીક પ્રકારના દોરા, સુતરાઉ દોરા કે બીજા કોઈ પણ પ્રકારના દોરા લોખંડનો પાઉડર અથવા કાચનો ભુકો/ પાઉડર કે અન્ય કોઈ પણ નુકશાનકારક પદાર્થ ચઢાવવામાં આવી તૈયાર કરવામાં આવેલ હોય તેવા દોરા મેળવવા, સેન્થટીક મટીરીયલ કોટીંગ થ્રેડ ખરીદવા, સંગ્રહ કરવા, વેચાણ કરવા, તેનો ઉપયોગ કરવા, ઉત્પાદન કરવા, કે તેનાથી પતંગ ચગાવવા/ઉડાવવામ ાટે તેનો ઉપયોગ કરવા પર.

(૪) ઓનલાઈન પ્લેટફોર્મ મારફત વેચાતા ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટિક દોરી/ગ્લાસ કોટેડ નાયલોન થ્રેડ/ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન(તુક્કલ) વેચવા પર.

(૫) દરેક સામાવાળોએ સેન્થટીક માંઝા/નાયલોન દોરી અથવા તેના જેવા સેન્થટીક કોટેડ દોરાની આયાત પર.

(૬) સવારના કલાક ક.૦૬-૦૦ થી ૦૮-૦૦ તથા સાંજના ક.૧૮-૦૦ થી ૨૦-૦૦ ના ગાળા દરમ્યાન પક્ષીઓ તેમના માળામાથી બહાર તથા પરત માળામાં આવવાનો સમય હોવાથી તે દરમ્યાન પતંગના દોરાથી પક્ષીઓ ઘાયલ તથા ઈજાગ્રસ્ત થાય છે. તેથી તે સમયગાળા દરમ્યાન પતંગ ઉડાવવા પર.

(૭) ચાઈનીઝ તુક્કલ ઉડાવવા, ખરીદવા, આયાત કરવા, વેચાણ કરવા, કબજા કરવા, સંગ્રહ કરવા પર.

(૮) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં ધાર્મિક લાગણી દુભાય તેવા ગીત કે સંગીત વગાડવા ઉપર કે ભાષણો કે પ્રવચનો કરવા ઉપર.

(૯) આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડવા ઉપર.

**: અમલવારીનો સમય અને વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર હેઠળના સમગ્ર વિસ્તારમાં તા. ૦૨-૧૦-૨૦૨૬ ના ક.૦૦-૦૦ થી તા. ૩૦-૧૧-૨૦૨૬ ના ક.૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિને ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ તથા જી.પી. એક્ટ કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**: જાહેર વિજ્ઞાપ્તિ :**

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ અકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તેમજ રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવી.

આજ રોજ તારીખ ૨૮-૦૯-૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૮ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

**બ્રજેશ કુમાર ઝા**
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર, રાજકોટ.

---

## જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

**વંચાણે લીધા :**

(૧) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અને કલમ-૧૦૮ ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૬-૦૮-૨૦૧૧ ના જાહેરનામાં ક્રમાંક : GHKH-62-2011-NSB-12-2002-3011-CH.

(૩) અત્રેની કચેરીના Letter No. : DRCSAMR/0030/03/2026 તા. 15-05-2026 થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

## અંતિમ આદેશ

ક્રમાંક : સકક/ફડચ/ગ-૩/૪૮૭ થી ૫૦૦/૨૦૨૫.-આથી હું એસ. આર. અણીયાળીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી આમુખમાં વંચાણે લીધેલ-(૨) ના જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ અમુખમાં જણાવેલ વિગતોને ધ્યાને લઈ શ્રી ભારત મજુર બાંધકામ સહકારી મંડળી લી., મું. અમરેલી, તા. અમરેલી, જિ. અમરેલી (નોંધણી નંબર : ૧૦૧૪, તા. ૦૧-૦૨-૧૯૮૨) ને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ૧૦૭(૧), (સી)(૨), (૪) ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને કલમ-૧૦૭(૩) અન્વયે કાયમી રાખતો આદેશ કરૂં છું.

તેમજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા), લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલીની નિમણુંક કાયમ કરવામાં આવે છે. અને ફડચા અધિકારીએ મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ૫ વર્ષની અંદર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

અમરેલી, ૦૩ માહે જુલાઈ, સને ૨૦૨૬.

**એસ. આર. અણીયાળીયા**
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ
અમરેલી

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને કલમ-૧૦૮ ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગનાં DT : 21-07-2011 ના જાહેરનામા ક્રમાંક : GHKH/51/2005/NSB/12/2002/3011/CH અને DT : 26-08-2011 ના જાહેરનામા ક્રમાંક : GHKH/62/2011/NSB/12/2002/3011/CH.

(૩) અત્રેની કચેરીના તારીખ : ૧૦-૧૦-૨૦૨૩ ના જાહેર નોટીસ આદેશ ક્રમાંક : સપવ/ગ-૨/૮૫૧/૨૦૨૩ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

## અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૯૪૭ થી ૯૭૧/૨૦૨૬.-આથી હું, ડો. બી. એન. પટેલ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, ઉપર વંચાણે લીધેલ-(૨) ના જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂએ તેમજ આમુખમાં જણાવેલ વિગતોને ધ્યાને લઈ શ્રી પવનપુત્ર ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મું. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટ, નોંધણી નંબર : સે-૪૦૨૧૫ તારીખ : ૨૯-૦૯-૨૦૧૧ ને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા અત્રેથી કરવામાં આવેલ વચગાળાના આદેશને કલમ-૧૦૭(૩) અન્વયે બહાલી આપતો આદેશ કરૂં છું.

તેમજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીના સુ. શ્રી આર. પી. મકવાણા, સહકારી અધિકારી (ફડચો-૨) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણુંક કરૂં છું. જે અન્વયે સદરહુ મંડળીનાં ફડચા અધિકારીએ મંડળીની ફડચા અંગેની તમામ કામગીરી સમયમર્યાદામાં પુર્ણ કરવાની રહેશે.

રાજકોટ, ૧૭ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૭, ૧૮ અને ૨૦ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, અને સહકાર વિભાગનાં સત્તા સોંપણીના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૨૦૦૫/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/સીએચએચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) શ્રી સમન્વય ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મું. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટની તા. ૦૧-૧૧-૨૦૨૫ની દરખાસ્ત.

(૪) અત્રેની કચેરીના પત્ર નં. ક્રમાંક : DRCSRJ/0159/07/2026 તા. ૨૦-૦૭-૨૦૨૬.

(૫) શ્રી સમનવય ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., રાજકોટના તા. ૦૩-૦૯-૨૦૨૬ ના પત્રથી રજુ થયેલ શ્રી પી.ટી.સી.ના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., રાજકોટની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત.

## હુકમ

Letter No. DRCSRJ/0245/09/2026.-આથી હું, ડૉ. બી. એન. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ ઉકત વંચાણે લીધેલ આંક-(૨) થી મળેલ સત્તાની રૂએ અને વંચાણે લીધા આંક-(૧)ની જોગવાઈઓ મુજબ શ્રી પી.ટી.સી.ના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મુ. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટ નોંધણી નં. સે/૬૧૨૦, તા. ૨૮-૧૧-૧૯૭૪ની નોંધણી તા. ૨૦-૦૭-૨૦૨૬ (મર્જરની તારીખથી) રદ ગણવાનો હુકમ કરૂં છું.

રાજકોટ, ૩૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) તથા ૨૦(૧) હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગનાં DT : 21-07-2011 ના જાહેરનામા ક્રમાંક : GHKH/51/2005/NSB/12/2002/3011/CH અને DT : 26-08-2011 ના જાહેરનામા ક્રમાંક : GHKH/62/2011/NSB/12/2002/3011/CH.

(૩) અત્રેની કચેરીના ફડચાના અંતિમ આદેશ ક્રમાંક : DRCSRJ/0014/07/2023 તા. ૦૬-૦૭-૨૦૨૩.

(૪) ફડચા અધિકારીશ્રીના તારીખ ૨૬-૦૬-૨૦૨૩ નો ચાર્જ સંભાળ્યાનો પત્ર.

(૫) ફડચા અધિકારીશ્રીના તારીખ : ૨૨-૦૯-૨૦૨૬ ના પત્રથી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

## હુકમ

ક્રમાંક : ફડચ/ગ-૨/૧૦૪૩ થી ૧૦૫૩/૨૦૨૬.-આથી હું, ડૉ. બી. એન. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ ઉકત વંચાણે લીધા-(૨)ના જાહેરનામા થી મળેલ અધિકારની રૂએ શ્રી આત્મીય ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મુ. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટ (નોંધણી નંબર : સે-૪૨૭૩૭, તારીખ ૧૮-૧૦-૨૦૧૪) ની કાયદાની કલમ-૧૧૪ હેઠળ ફડચાની અંગેની તમામ કાર્યવાહી સમાપ્ત જાહેર કરૂ છું તેમજ આ જ કાયદાની કલમ-૨૧) હેઠળ સદરહું મંડળીની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું.

વધુમાં કાયદાની કલમ-૨૦(૩)ની જોગવાઈ મુજબ ''રજિસ્ટ્રેશન રદ કર્યાના હુકમની તારીખથી મંડળી વિસર્જીત થયેલી ગણાશે અને તે મંડળી સંસ્થાપિત મંડળી તરીકે અસ્તિત્વમાં હોતી બંધ થશે.''

રાજકોટ, ૩૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0271/09/2026નં. CSRAJKHESIN 202605247/૨૦૨૬.-જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી રામદેવપીર જળ સિંચન સહકારી મંડળી લી., મર્યાદિત

સ્થળ : ચરખડી, તાલુકો : ગોંડલ, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0006/10/નં. CSRAJSE202605292/૨૦૨૬.-જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી વરજાંગજાળીયા સરદાર સેવા સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : વરજાંગજાળીયા, તાલુકો : ઉપલેટા, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૦૩ માહે ઓકટોબર, સને ૨૦૨૬.

ડો. બી. એન. પટેલ

જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ
રાજકોટ

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSMRB/0049/08/2026.-આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી પાનેલી પશુપાલન મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. પાનેલી, તા. જિ. મોરબીને સને-૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી ક્રમાંક : REG/MOR/SE(MILK)49973/2026, DATE 12-08-2026 છે.

મોરબી, ૧૨ માહે ઓગષ્ટ, સને ૨૦૨૬.

બી. એન. પટેલ
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ
મોરબી

---

## મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ દ્વારા

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/હાઉ/૨૬૫/૨૦૨૬.-મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ, ભાવનગર આથી જાહેર કરે છે કે, માનસ શાંતિ ગ્રીન્સ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., ભાવનગર ઠે. રે.સ. નં. ૪૦ પૈકી ૨, ૧૫૦ ફુટ રીંગ રોડ, કાઠીયાવાડી પોઈન્ટ પાછળ, તરસમીયા, ભાવનગર, મુ. તા. જિ. ભાવનગર સને-૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં. : CSBAVSAHAA202605158

ભાવનગર, ૧૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/હાઉ/૨૬૭/૨૦૨૬.-મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ, ભાવનગર આથી જાહેર કરે છે કે, શિવાનંદ-૨ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મુ. તા. જિ. ભાવનગર ઠે. ૧૫૦ ફુટ રિંગ રોડ, તરસમીયા, મુ. તા. જિ. ભાવનગર સને-૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં. : CSBAVSAHAA202605160

ભાવનગર, ૧૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/હાઉ/૨૬૯/૨૦૨૬.-મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ, ભાવનગર આથી જાહેર કરે છે કે, ફોરચ્યુન હાઈટસ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., ભાવનગર ઠે. પ્લોટ નં. ૨૬/એ, જુના ઘાસના દંગા પાસે, વાઘાવાડી રોડ, ભાવનગર, મુ. તા. જિ. ભાવનગર સને-૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં. : CSBAVSAHAA202605161

ભાવનગર, ૧૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

એન. ડી. ચાવડા
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ),
સહકારી મંડળીઓ, ભાવનગર.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪-(૧) તથા ૨૦(૧) હેઠળની જોગવાઈઓ

(૨) ગુજરાત સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગનાં જાહેરનામા ક્રમાંક : GHKH/51/2005/NSB/12/2002/3011/ch Date : 21-07-2011 તથા જાહેરનામા ક્રમાંક : GHKH/62/2011/NSB/12/2002/3011/ch. Date : 26-08-2011 થી સુપ્રત થયેલ સત્તા સોંપણી.

(૩) અત્રેની કચેરીના અંતિમ આદેશ ક્રમાંક : ઘરમ/ફડચ/૦૧/૬૯૭ થી ૭૦૪/૨૦૧૮ તા. ૧૭-૧૧-૨૦૧૮.

(૪) ફડચા અધિકારીશ્રીની તા. ૧૫-૦૩-૨૦૨૩ તથા તા. ૧૪-૦૯-૨૦૨૬ ના પત્રથી રજૂ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

## હુકમ

Letter No. ADRCSHRJ/0062/09/2026.-આથી હું શ્રી વાય. ડી. દુધાત્રા, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ અમોને ઉકત વંચાણે લીધેલ ક્રમાંક : ૨ થી મળેલ અધિકારની રૂએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ શ્રી ગાયત્રીકૃપા કો-ઓપરેટીવ હાઉસીંગ

સોસાયટી લી., મુ. જેતપુર, તા. જેતપુર, જિ. રાજકોટ (નોંધણી નંબર : ઘ-૯૫૪૨, તારીખ : ૩૦-૦૯-૨૦૧૯૮૫) ની ફડચાની કાર્યવાહી સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂં છું. તેમજ તે જ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે સદરહુ મંડળીની આ કાયદા હેઠળ નોંધણી રદ કરૂં છું.

રાજકોટ, ૨૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0059/09/2026.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, વેગા કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧) (અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202605234, DATE 23-09-2026 છે.

રાજકોટ, ૨૩ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0061/09/2026.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, શ્રીજી કોર્નર કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧) (અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202605235, DATE 23-09-2026 છે.

રાજકોટ, ૨૩ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0057/09/2026.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, એ પી સ્કેવર કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧) (અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202605233, DATE 23-09-2026 છે.

રાજકોટ, ૨૩ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0003/09/2026.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, શારદા સ્પર્શ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧) (અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202605087, DATE 01-09-2026 છે.

રાજકોટ, ૦૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0013/09/2026.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, ક્રિષ્નાભૂમી કોમર્શીયલ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧) (અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSACO202605137, DATE 08-09-2026 છે.

રાજકોટ, ૦૮ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0015/09/2026.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, ગીરીરાજ બંગ્લોઝ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧) (અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202605138, DATE 08-09-2026 છે.

રાજકોટ, ૦૮ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0019/09/2026.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, તુલસી પ્લેટીના કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧) (અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202605140, DATE 08-09-2026 છે.

રાજકોટ, ૦૮ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0022/09/2026.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, શ્રીજી કોમ્પલેક્ષ ફ્લેટ સર્વિસ કો-ઓપરેટીવ સોસાયટી લી. રાજકોટ, મુ. જેતપુર, તા. જેતપુર, જિ. રાજકોટની ગુજરાત સહકારી

મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧)(અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202605141, DATE 08-09-2026 છે.

રાજકોટ, ૦૮ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0038/09/2026.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, રાધે હાઈટસ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧)(અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202605217, DATE 21-09-2026 છે.

રાજકોટ, ૨૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0042/09/2026.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, સ્વયમ જેમ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧)(અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202605219, DATE 21-09-2026 છે.

રાજકોટ, ૨૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0040/09/2026.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, ધ ટવીન ટાવર્સ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧)(અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202605218, DATE 21-09-2026 છે.

રાજકોટ, ૨૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

**વાય. ડી. દુધાત્રા**
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
રાજકોટ.

---

Government Press & Stationery, Rajkot.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.10.22 15:39:29 IST